**આંક–૨૨**

રજુ તારીખ : ૧૦–૦૮–૨૦૧૮
દાખલ તારીખ : ૧૦–૦૮–૨૦૧૮
ફેંસલ તારીખ : ૦૮–૧૨–૨૦૨૨
સમયગાળો : ૦૪–વર્ષ ૦૩–માસ ૨૯–દિવસ

**શ્રી બી.એસ.ભટ્ટ, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં. ૯૨૭/૨૦૧૮**

મેનેજરશ્રી,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
ખમાસા, અમદાવાદ. **...પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

પરમાર સુધીરભાઈ હરજીભાઈ,
જય ચામુંડાની ચાલી, મફાભાઈનો પીઠો,
રામાપીરનો ટેકરો, જુના વાડજ, અમદાવાદ.
૮/૦, કામદાર હિતરક્ષક યુનીયન,
૧૦, જીવીબા કોમ્પલેક્ષ, શ્રીજી જનરલ હોસ્પીટલ સામે,
કેડીલા ક્રોસીંગ પાસે, ઘોડાસર, અમદાવાદ. **...બીજા પક્ષકાર**

**વિષય :– આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)(સી) મુજબ ઔધોગિક વિવાદ**

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી બી.એમ.શેઠ.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી સત્યવાન આદિશ્વર.

**–: એ વો ર્ડ :–**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા.૦૮/૦૮/૨૦૧૮ ના ક્રમાંક : નાશ્રઆ/અવિ/વિ.૨/આઈડીઆર/૨૦૧૭/૧૭૮/૧૮/૨૦૪૪૮ ના પત્રથી બીજા પક્ષકાર પરમાર સુધીરભાઈ હરજીભાઈનાએ આઈ.ડી.આર. કેસ નં.૧૭૮/૨૦૧૮ અંતર્ગત નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔધોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ–૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત, અમદાવાદ ને કરવાની સુચના આપવામાં આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

અનુસૂચિ :– પરમાર સુધીરભાઈ હરજીભાઈને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર

સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) બીજા પક્ષકારે આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં વિગત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા ૪ વર્ષથી કાયમી કામદાર તરીકે જનરલ પાળીમાં બગીચા ખાતામાં માળી/હેલ્પર તરીકે નોકરી કરતા હતા. પ્રથમ પક્ષકાર તેઓને માસીક રુા.૩,૫૦૦/– પગાર આપતા હતા. પ્રથમ પક્ષકારને કાયદેસર મજુર કાયદાઓ લાગુ પડે છે અને તેનો અમલ કરવાની કાયદેસર ફરજ અને જવાબદારી છે તેમ છતાં તેઓ તેનુ પાલન કરતા ન હતા. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આઈકાર્ડ આપેલ છે. હાજરીપત્રકમાં હાજરી ભરતા હતા અને તેની ઝેરોક્ષ નકલ વર્ષમાં અંતમાં પુરી પાડેલ પરંતુ અન્ય કોઈ લાભો આપતા ન હતા. ૧૨ કલાક કામ કરાવવા છતાં ઓવરટાઈમ આપતા ન હતા. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને જયાં કામદારોની જરુર પડે ત્યાં કામ માટે મોકલતા અને નોકરી કરવાની ના પાડે તો છુટા કરી દેવાની ધમકી આપતા હતા જેથી નોકરી છુટી જવાના ડરને કારણે માળી તેમજ હેલ્પરોની જગ્યાએ પણ કામ કરેલ છે. દર વર્ષે ર૪૦ દિવસથી વધારે દિવસ કામ કરેલ છે જેનો દસ્તાવેજી આધાર રજુ કરવાની બાંહેધરી આપેલ છે. પ્રથમ પક્ષકાર દર માસમાં અમુક દિવસે નોકરી પર આવ્યા બાદ ર૪૦ દિવસ પુરા ન થાય તે બદઈરાદાથી નોકરી આપતા ન હતા અને ઘરે મોકલી આપતા હતા. સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા બાદ નોકરી પર આવેલા નવા કામદારોને કાયમી કરેલા અને તેઓને કાયમી કરતા પહેલા સંસ્થાએ સીનીયોરીટીને ધ્યાને લીધેલ નથી અને લાસ્ટ કમ ફર્સ્ટ ગો ના સિધ્ધાંતને અનુસર્યા વગર કાયમી કરેલ છે. બીજા પક્ષકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ ધરાવતા બગીચાઓમાં અલગ અલગ ઝોનમાં કામ કરેલ હોવા છતાં છુટા કરતી વખતે જે તે ઝોનમાં નોકરી કરેલ તેજ ઝોન ધ્યાને રાખી તા.૩–૧૦–૨૦૦૦ના રોજ નોકરીમાંથી છુટા કરેલ છે અને છુટા કરતા પહેલા કોઈ નોટીસ, નોટીસ પગાર આપેલ નથી કે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી કે બચાવની તક આપેલ નથી. બીજા પક્ષકારને છુટા કર્યા ત્યારબાદ તેમની જગ્યાએ નવા કામદારોને નોકરી પર રાખેલ છે આમ સીનીયોરીટી મેન્ટેન કર્યા સિવાય બીજા પક્ષકારને છુટા કરી આઈ.ડી.એકટ–૧૯૪૭ની કલમ–૨૫એફ, કલમ–૨૫જી અને કલમ–૨૫એચ નો ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં અમદાવાદની હદમાં આવેલ તેમની માલીકીના બગીચા તથા માળીઓની જગ્યા ભરવા અનેક વખત સ્ટેન્ડીંગ કમીટી તેમજ અન્ય કોર્પોરેશનના લાગતા વળગતા અધિકારીઓએ ભલામણ કરેલ છે, કોર્પોરેશનમાં ઠરાવો કરેલ છે તેમ છતાં આજદિન સુધી કામદારને નોકરી પર આવવા પ્રથમ પક્ષકારે કોઈ જાણ કરેલ નથી. બીજા પક્ષકાર નોકરી પર છુટા થયા પછી આજદિન સુધી બેકાર છે અને નોકરી શોધવા છતાં મળેલ નથી. બીજા પક્ષકારે આશરે ૧૪–૧૫ વર્ષ બાદ નોકરીમાં પુન:સ્થાપિતના હક અધિકાર

માટે તકરાર ઉપસ્થિત કરેલ હોય વિલંબ થયેલ છે. વધુમાં સાથી કામદારોએ સને ૧૯૯૮-૯૯ માં ના.ગુ.હાઈકોર્ટમાં નોકરીના કાયમી સંદર્ભમાં તકરાર ઉપસ્થિત કરેલ અને તેમાં ના.ગુ. હાઈકોર્ટે કામદારોની વિરુધ્ધમાં નિર્ણય આપેલ હતો જેથી કામદારોએ હતાશ થઈ કોઈ ઓથોરીટી સમક્ષ વિવાદ ઉપસ્થિત કરેલ ન હોય વિલંબ થયેલ છે જેથી વિલંબ માફ કરવાની અરજી રજુ કરેલ. આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.વકીલશ્રીએ વિલંબના સંદર્ભમાં પ્રાથમીક મુદ્દા ઉપસ્થિત કરેલ અને ના. કોર્ટે તે પ્રાથમીક મુદ્દા આખરી નિર્ણય લેતા સમયે નિકાલ કરવાનુ પ્રસ્થાપિત કરેલ તેમ છતાં સંસ્થા વિરુધ્ધ આપેલ હુકમથી નારાજ થઈ ના. ગુ. હાઈકોર્ટ સમક્ષ અપીલ કરેલ અને બંને પક્ષકારોને સાંભળીને ના. ગુ. હાઈકોર્ટે સંસ્થાએ ઉપસ્થિત કરેલ પ્રાથમીક મુદ્દા લેબર કોર્ટના કામમાં ગુણદોષ પર આખરી નિર્ણય વખતે પ્રાથમીક મુદ્દાનો નિકાલ કરવો એવો ચુકાદો આપેલ. આમ, બીજા પક્ષકારે તેના માગણાના નિવેદનના પેરા.૧૦(અ)(બ)(ક) જણાવ્યા મુજબની દાદ માંગેલ છે અને રેફરન્સ ખર્ચના રુા.૨૫,૦૦૦/- અપાવવા જણાવેલ છે.

આ કામે બીજા પક્ષકાર તરફે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી પર જવા તૈયાર હોય આંક-૬ થી નોકરી પર પુન:સ્થાપિત થવા અંગેની પુરસીશ રજુ કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારને નોટીસ બજતા તેઓ તેમના વકીલ મારફતે હાજર થયેલા અને આંક-૮થી લેખીત જવાબ રજુ કરેલ છે તેમાં જણાવે છે કે બીજા પક્ષકારના માગણાના નિવેદનમાં જણાવેલ રજુઆત સાચી નથી અને તે કબુલ મંજુર નથી. પ્રથમ પક્ષકારે પ્રાથમીક મુદ્દા ઉપસ્થિત કરી જણાવેલ છે કે, ઉપસ્થિત કરેલ કાયદાકીય મુદ્દા પક્ષકારોને સાંભળી ગુણદોષ પર એવોર્ડ કરતા પહેલા પ્રાથમીક મુદ્દા તરીકે સાંભળવા અત્યંત જરુરી છે. વધુમાં બીજા પક્ષકારે તા.૩-૧૦-૨૦૦૦ની છુટા કરવાની તકરારને મજુર કમીશનર સમક્ષ સને ૨૦૧૮માં પુન:સ્થાપિત થવાની ફરીયાદ દાખલ કરી ૧૮ વર્ષના વિલંબ બાદ પડકારેલ હોય જેને સમયમર્યાદાનો બાધ નડતો હોય સમયમર્યાદાના વિલંબને માફ કરવાની કોઈ જોગવાઈ નથી જેથી આવો વિલંબ ચલાવી શકાય નહી. સદર રેફરન્સ સ્પેસીફીક ટર્મ્સ ઓફ રેફરન્સ કરવામાં આવેલ ન હોવાથી પ્રાથમીક મુદ્દા ઉપર કાયદેસર ચાલી શકે તેમ નથી. બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલીકનો સંબંધ પ્રસ્થાપિત થતો ન હોય આઈ.ડી.એકટની કલમ-૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી જેથી ચાલી શકે તેમ નથી. વધુમાં બીજા પક્ષકારે તેના માગણાના નિવેદનના પેરાઓમાં જણાવેલ તમામ હકીકતો સાચી નથી અને તે પ્રથમ પક્ષકાર સંસ્થાને કબુલ મંજુર નથી જેથી બીજા પક્ષકારને તે તમામ હકીકતો દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટપણે સાબીત કરવા જણાવેલ છે. બીજા પક્ષકારે તકરાર

૧૮ વર્ષ બાદ ઉપસ્થિત કરેલ છે અને તે અંગેની કોઈ સ્પષ્ટ રજુઆત કે અલગથી વિલંબ માફ કરવાની અરજી કરેલ નથી. બીજા પક્ષકાર કયા ખાતામાં કયા હોદ્દા પર કયા વર્ષથી ફરજ બજાવતા હતા તે પણ સ્પષ્ટ જણાવેલ નથી કે તે અંગેના કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ કયા કારણથી પ્રથમ પક્ષકારે આઈ.ડી.એકટની કલમ–૨૫ એફ, ૨૫જી અને ૨૫એચ નો ભંગ કરેલ તેની કોઈ સ્પષ્ટતાપુર્વક ની રજુઆત તેમના માગણાના નિવેદનમાં દર્શાવેલ નથી કે તે અંગેના આધારભુત દસ્તાવેજો રજુ કરેલ નથી. બીજા પક્ષકારે વચગાળાના સમયમાં બીજી કોઈ નોકરી યા કમાણી કરવાનો પ્રયત્ન કરેલ અથવા તે સમયમાં બીજી કોઈ નોકરી કરેલ નથી તે પ્રથમ પક્ષકાર સંસ્થા માન્ય રાખતી નથી જેથી તે સાબીત કરવુ જોઈએ. આમ, બીજા પક્ષકાર તેમના માગણાના નિવેદનમાં માંગેલ કોઈપણ દાદ મેળવવા હકદાર થતા ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચસહીત રદ કરવા અરજ છે.

આ કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાના સને ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીના હાજરીપત્રકો, પગારપત્રકો, આઈ.ડી.કાર્ડના પત્રકો, કામદાર માટે કંપલસરી મેન્ટેન કરેલા સર્વીસ રેકોર્ડ અને સીનીયોરીટી લીસ્ટ રજુ કરાવવા આંક–૯થી અરજી આપેલ અને તે અરજીના સમર્થનમાં સોગંદનામુ કરેલ છે. આ અરજીનો પ્રથમ પક્ષકાર તરફે લેખીત જવાબ રજુ કરી પડકારેલ છે અને આવી કોઈ દસ્તાવેજો માંગતી અરજી આવે ત્યારે તે દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરતા પહેલા સદર દસ્તાવેજો કયા કારણોસર મંગાવવામાં આવી રહયા છે તે અંગેના કારણો બારીકાઈથી તપાસીને હુકમ કરવો અન્યથા અરજી કરવી જોઈએ. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની અરજીના રજુ કરેલા જવાબના સમર્થનમાં સોગંદનામુ કરેલ છે. આ કામે બીજા પક્ષકારની દસ્તાવેજોની માગણી કરતી અરજીના અનુસંધાને બંને પક્ષકારોને સાંભળી બીજા પક્ષકારે અરજીમાં જે દસ્તાવેજોની માગણી કરેલ છે તે રજુ કરવા આ તબકકે કોઈ હુકમ કરી શકાય તેમ ન હોય ન્યાયના હિતમાં નામંજુર કરવાનો નામદાર કોર્ટે તા.૨૭–૪–૨૦૨૨ ના રોજ હુકમ કરેલ છે.

(૪) આ કામમાં બંને પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**બીજા પક્ષકાર તરફે મૌખિક પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર પરમાર સુધીરભાઈ હરજીભાઈનુ સોગંદનામુ જેની પ્રથમ પક્ષકારે કરેલ ઉલટતપાસ | આંક–૧૪ |
| ૨ | બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીશ | આંક–૧૮ |

**બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે આપેલ ઓળખકાર્ડની ઝેરોક્ષનકલ | આંક–૧૫ |

| | | |
|---|---|---|
| ૨ | પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર માટે નિભાવેલ સને ૧૯૯૬ થી ૨૦૦૦ સુધીના હાજરીપત્રકની ઝેરોક્ષનકલ | આંક–૧૬ |

**પ્રથમ પક્ષકાર તરફે મૌખિક પુરાવો નથી.**

**પ્રથમ પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | રેફરન્સ એલસીએ નં.૭૫૫/૧૮ના બીજા પક્ષકાર તરફે રજુ થયેલ દસ્તાવેજો માગતી અરજીની ઝેરોક્ષનકલ | નિ.૧૧/૧ |
| ૨ | રેફરન્સ એલસીએ નં.૭૫૫/૧૮ના બીજા પક્ષકાર તરફે રજુ થયેલ દસ્તાવેજો માગતી અરજી અન્વયે પસાર કરેલ તા.૨૧–૩–૨૦૨૦ના હુકમની ઝેરોક્ષનકલ | નિ.૧૧/૨ |
| ૩ | રેફરન્સ એલસીએ નં.૭૫૭/૧૮ના બીજા પક્ષકાર તરફે રજુ થયેલ દસ્તાવેજો માગતી અરજીની ઝેરોક્ષનકલ | નિ.૧૧/૩ |
| ૪ | રેફરન્સ એલસીએ નં.૭૫૫/૧૮ના બીજા પક્ષકાર તરફે રજુ થયેલ દસ્તાવેજો માગતી અરજી અન્વયે પસાર કરેલ તા.૨૧–૩–૨૦૨૦ના હુકમની ઝેરોક્ષનકલ | નિ.૧૧/૪ |
| ૫ | રેફરન્સ એલસીએ નં.૧૧૪/૧૮ના કામમાં ના.લેબર કોર્ટે પસાર કરેલ આખરી હુકમની ઝેરોક્ષનકલ | નિ.૧૧/૫ |

**(૫)** આ કામે બીજા પક્ષકારે આંક–૧૭ થી પડેલા દિવસોનો પગાર જતો કરીને સળંગ સર્વીસથી પડેલા દિવસોના પગાર સિવાયના અન્ય તમામ હકો અબાધિત રાખી મુળ જગ્યા પર નોકરીમાં પુન:સ્થાપિત કરવા વિનંતી અરજ કરતી પુરસીશ રજુ કરેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૯ થી કલોઝીંગ પુરસીશ આપેલ છે.

આ કામ દલીલો ઉપર હોય બીજા પક્ષકાર તરફે આંક–૨૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૨૧થી જે ચુકાદાઓ રજુ કરેલ છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

**(૬)** આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવા માટે હકદાર છે?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૭)** આ કામે બીજા પક્ષકારે માગણાના નિવેદનના સમર્થનમાં આંક–૧૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરી જુબાની આપેલ છે. કામદારનુ સરતપાસ જોઈએ તો તેઓ તેમાં જણાવે છે કે તેમને તા.૩–૧૦–૨૦૦૦ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે જયારે આ કામે તેઓએ કરેલ ફરીયાદ જોઈએ તો મજુર કમીશનરશ્રી સમક્ષ ફરીયાદ સને ૨૦૧૮માં કરેલ છે. આમ, બીજા પક્ષકાર કામદારે ૧૮ વર્ષે આવીને આ ફરીયાદ કરેલ છે. બીજા પક્ષકારે મદદનીશ મજુર કમીશનરશ્રી, અમદાવાદ સમક્ષ વિલંબ માફી માટે અરજી આપેલ છે અને વિલંબ માફી અંગે તેઓએ તેના માગણાના નિવેદનમાં પણ જણાવેલ છે. બીજા પક્ષકાર કામદારે વિલંબ અંગે જણાવેલ હકીકત જોઈએ તો તે સંતોષકારક જણાતી નથી. બીજા પક્ષકારે આટલા લાંબા સમય બાદ કરેલ હાલનો આ કેસ જોઈએ તો બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કેસ દાખલ કર્યો તે વખતે ઔદ્યોગિક તકરાર અસ્તિત્વમાં હોવાનુ જણાતુ નથી અને આ તકરાર વાસી અને જુનીપુરાણી થઈ ગયેલ હોવાનુ જણાય છે. આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા **૨૦૧૫ (૩) સીએલઆર ૯૩૭ સુપ્રીમકોર્ટ પ્રભાકર વિ. જોઈન્ટ ડાયરેકટર શેરીકલ્ચર ડીપાર્ટમેન્ટ**માં ના.સુપ્રીમકોર્ટે વિલંબ માફી અંગે ઠરાવેલ છે તે જોઈએ તો બીજા પક્ષકારે વ્યાજબી સમયમાં હાલનો આ કેસ કરેલ નથી. બીજા પક્ષકારે કેસ દાખલ કર્યો તે વખતે તેઓ અને માલીક વચ્ચે ઔદ્યોગિક તકરાર અસ્તિત્વમાં હોવાનુ જણાતુ નથી. આમ, આ હકીકત જોઈએ તો બીજા પક્ષકારનો રેફરન્સ ઘણા જ વિલંબ બાદ કરેલ હોય તેમ જણાય છે. આ કામના પ્રથમ પક્ષકારે **૨૦૧૪ એલએલઆર ૪૯૮ ના.કોલકત્તા હાઈકોર્ટ શ્રીમતી સ્વપ્ના અધિકારી વિ. ધી સ્ટેટ ઓફ વેસ્ટબેંગાલ અને અન્ય, ૨૦૧૪ એલએલઆર ૩૫૭ ના.દિલ્હી હાઈકોર્ટ બલવનસિંઘ અને અન્ય વિ. સહારા ઈન્ડીયા પરિવાર અને અન્ય, એલ.પી.એ. નં.૧૮૨/૨૦૧૭ રતનબેન રામાભાઈ વણકર વિ. ડીસ્ટ્રીકટ ડેવલપમેન્ટ ઓફીસર અને અન્ય, ૨૦૦૦ (૧) એલએલજે ૫૬૧ ના. સુપ્રીમકોર્ટ નેદુનગડી બેંક લી. વિ. કે.પી.માધવનકુટ્ટી અને અન્ય**. ઉપરોકત ચુકાદાઓમાં પણ

એવુ ઠરાવવામાં આવેલ છે કે વિલંબ બાદ કરેલ રેફરન્સ ચલાવવા કોર્ટને હકુમત નથી અને આવા પ્રકારના રેફરન્સ કેસ ચાલી શકે નહી.

આ કામે બીજા પક્ષકારે માગણાના નિવેદનના સમર્થનમાં આંક–૧૪થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. બીજા પક્ષકાર તેના સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે તેઓએ નોકરીના દરેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધારે કામ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાના ઉપરી અધિકારીઓ હાજરીપત્રકમાં હાજરી પુરતા હતા તે પ્રથમ પક્ષકારના કબજામાં છે બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ છે કે કેમ તે સાબીત પ્રથમ પક્ષકારે કરવાનુ હોય છે. આમ, બીજા પક્ષકાર તેઓએ ૨૪૦ દિવસ કામ કરેલ હોવાની હકીકત તેની સરતપાસમાં જણાવે છે પરંતુ આ કામે બીજા પક્ષકારનુ માગણાનુ નિવેદન જોઈએ તો તેઓએ તેમાં જણાવેલ છે કે તેઓના ૨૪૦ દિવસ પુરા ન થાય તેવા બદઈરાદાથી નોકરી આપ્યા સિવાય તેઓને પાછા ઘરે મોકલતા. આમ, બીજા પક્ષકારે તેના માગણાના નિવેદનમાં આડકતરી રીતે તેઓએ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ નથી તેવુ કબુલ કરેલ છે. આ કામે નિ.૧૩/૨થી રજુ થયેલ હાજરીપત્રક જોઈએ તો બીજા પક્ષકાર કામદારે તેને છુટા કર્યાના હાલના ૧૨ માસમાં તેઓએ ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવુ જણાતુ નથી. બીજા પક્ષકારે તેની દલીલમાં જણાવેલ છે કે તેઓએ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ છે તેવુ તેઓ મૌખિક પુરાવાથી કે દસ્તાવેજી પુરાવાથી સાબીત કરી શકતા નથી. આ કામે પ્રથમ પક્ષકાર ધ્વારા **૨૦૧૮ (૨) સીએલઆર ૧૦૪૧ ના.હીમાચલપ્રદેશ ડીવીઝન બેંચ મોહંમદ અલી વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ અને અન્ય, ૨૦૧૫ એલએલઆર ૧૮૮ ના.પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ સંજીવકુમાર વિ. પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ ભટીંડા અને અન્ય,** આ ચુકાદામાં ઠરાવેલ છે કે બીજા પક્ષકાર સાબીત કરેલ નહી કે તેઓએ તેને છુટા કર્યાના છેલ્લા ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કરેલ ન હોય જયારે તેઓને આઈ.ડી.એકટની કલમ ૨૫–એફનો લાભ મળતો નથી. **૨૦૨૦ એલએલઆર ૬૮૨ ના.ગુ.હાઈકોર્ટ માનસીંગભાઈ છગનભાઈ ભોજાવીયા વિ. ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર,** આ ચુકાદામાં ઠરાવેલ છે કે કામદારે તેમને છુટા કર્યાના આગલા ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કરેલ ન હોય તો તેઓને ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરવાની સત્તા નથી. **૧૯૯૭ (૭૬) એફએલઆર ૨૩૭ ના.સુપ્રીમકોર્ટ હિમાંશુકુમાર વિદ્યાર્થી અને અન્ય વિ. સ્ટેટ ઓફ બીહાર અને અન્ય,** આ ચુકાદામાં ઠરાવેલ છે કે ડેઈલી વેજરને આઈ.ડી.એકટની કલમ ૨૫ એફનો લાભ મળતો નથી. **૨૦૦૨ (૧) એલએલજે ૧૦૫૩ રેંજ ફોરેસ્ટ ઓફીસર વિ. એસ.ટી.હદીમની,** આ ચુકાદામાં ઠરાવેલ છે કે કામદારે પગાર સ્લીપ, નિમણુંકનો પત્ર વિ. રજુ કરી તેઓએ ૨૪૦ દિવસ કામ કરેલ છે તે સાબીત કરવુ જોઈએ. માત્ર જુબાનીના સોગંદનામામાં આ હકીકત

જણાવવી પુરતી નથી.

આ કામે બીજા પક્ષકાર તરફે **એસસીએ નં.૪૬૩૦ થી/૨૦૨૨ ના.ગુ.હાઈકોર્ટ સંજય રણછોડભાઈ સોલંકી વિ. શ્રી મેનેજર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એલ.પી.એ.નં. ૨૧૭/૨૦૨૨ ના.ગુ.હાઈકોર્ટ ભુપેન્દ્રભાઈ તારાચંદ લોઢા વિ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,** આ ચુકાદામાં ના.ગુ. હાઈકોર્ટે રીટપીટીશનમાં પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરી કામદારોને કોમ્પેનસેશન ચુકવવા હુકમ કરેલ. **એસ.સી.એ.નં.૬૪૪૯/૨૦૨૧ ના.ગુ.હાઈકોર્ટ રાજપુત સંદીપભાઈ મધુસિંહ વિ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,** આ ચુકાદાવાળા કેસમાં ના.ગુ.હાઈકોર્ટે ઠરાવેલ છે કે લેબર કોર્ટે કામદાર ધ્વારા મોડો કરવામાં આવેલ કેસ નામંજુર કરવાનો હુકમ યોગ્ય ઠરાવેલ છે. **એસ.સી.એ. નં.૨૦૭૦૬/૨૦૧૮ ના.ગુ.હાઈકોર્ટ નવનીતરાય પરમાનંદ જાની વિ. ડે. એકઝીકયુટીવ એન્જીનીયર અને અન્ય,** આ ચુકાદાવાળા કેસમાં ના.ગુ.હાઈકોર્ટે ઠરાવેલ છે કે રેફરન્સ કેસ મોડો કરવામાં આવે તે કામદારનો રેફરન્સ રદ કરવા માટેનુ એકમાત્ર ગ્રાઉન્ડ નથી. હાલના કેસના કામદારે મોડો કેસ કરેલ છે તે સિવાય પણ અન્ય ગ્રાઉન્ડ રેફરન્સ રદ કરવા માટેના છે તેથી આ ચુકાદો કામદારને મદદરુપ થતો નથી. **સીવીલ અપીલ નં.૧૨૪–૧૨૫/૨૦૧૯ ના.સુપ્રીમકોર્ટ સ્ટેટ ઓફ ઉત્તરાખંડ અને અન્ય વિ. રાજકુમાર,** આ ચુકાદાવાળા કેસમાં કોમ્પેનસેશનની રકમ વધારી લેબર કોર્ટના હુકમમાં ફેરફાર કરવામાં આવેલ છે. **એસ.સી.એ. નં.૨૫૨/૧૯૯૭ ના.ગુ.હાઈકોર્ટ પાલાભાઈ ડી.ચાવડા વિ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,** આ ચુકાદો કામદારને નોકરીમાં નિયમીત કરવા અંગેનો છે. **એલ.પી.એ. નં.૧૫૫૪/૨૦૧૮ ના.ગુ.હાઈકોર્ટ બ્રહમભટ્ટ જયેશ ભુપતરાય વિ. સ્ટેટ ઓફ ગુજરાત,** આ ચુકાદામાં ઠરાવેલ છે કે ૧૦ વર્ષ રેફરન્સ દાખલ કરવામાં થયેલ વિલંબના કારણે તેની સળંગ સર્વીસનો લાભ પાછો લઈ શકાય નહી.

આમ, રેકર્ડ પરનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો, બંને પક્ષો તરફે રજુ થયેલ લેખીત અને મૌખિક દલીલો વિ. ધ્યાન પર લેવામાં આવે તો કામદારે હાલનો આ રેફરન્સ કેસ ૧૮ વર્ષ બાદ એટલે કે ખુબ જ મોડો દાખલ કરેલ છે આથી કામદાર અને માલીક વચ્ચે તકરાર અસ્તિત્વમાં હોવાનુ કહી શકાય નહી. આ કામના બીજા પક્ષકારે તેઓએ છુટા કર્યાના આગલા ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કરેલ છે તેવુ તેઓએ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી સાબીત કરેલ નથી. આ કામના બીજા પક્ષકાર ધ્વારા રજુ કરવામાં આવેલ સરતપાસનુ સોગંદનામુ જોઈએ તો પ્રથમ પક્ષકારે અરજીમાં જણાવેલ કામગીરી અંગે અમુલને કોન્ટ્રાકટ આપેલ છે તેવુ જણાય છે આમ પ્રથમ પક્ષકાર હાલની કામગીરી અંગે પોતે ભરતી કરતા નથી પરંતુ કોન્ટ્રાકટર મારફત આવી કામગીરી કરતા હોય તેવુ જણાય છે. આમ, આ કામે રજુ

થયેલ ઉપરોકત રજુ થયેલ પુરાવાઓ, દલીલો અને ઉપરોકત કરવામાં આવેલ ચર્ચાઓ ઘ્યાને લઈએ તો બીજા પક્ષકાર કામદાર તેનો કેસ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે આથી મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામના બીજા પક્ષકાર/કામદારનો રેફરન્સ (ટી) નં.૯ર૭/ર૦૧૮ નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૦૮–૧ર–ર૦રર

(ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE-GJ00472
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.૧, અમદાવાદ.

R.C.GOHEL, PA.